GRAND ACADEMIC PORTAL
RESEARCH JOURNALS

GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
( ISSN – 2582-8770 )
Globally peer-reviewed and open access journal.

# ઈતિહાસનું તત્ત્વચિંતન

ડૉ. દિલીપ ચારણ

પ્રોફેસર અને અધ્યક્ષ,
તત્ત્વજ્ઞાન વિભાગ,
ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ.

**"તત્ત્વજ્ઞાન એ જ્ઞાનની અન્ય શાખાઓની સમાન કક્ષાનું એક શાસ્ત્ર છે એ સમઝણ પણ ભૂલભરેલી છે. જ્ઞાનની સર્વશાખામાં તત્ત્વજ્ઞાન પ્રવેશ કરે છે, કારણ કે એ સર્વના મૂળરૂપે એનું સ્થાન છે. તેથી જીવ જગત અને પરમાત્માના સ્વરૂપનું જ્ઞાનની એ સ્વતંત્ર શાખારૂપે, ચિન્તન; એટલામાં જ તત્ત્વજ્ઞાન સમાપ્ત થતું નથી. ઈતિહાસ અને તત્ત્વજ્ઞાનનાં મૂળ શોધવા તથા એનો અર્થ કરવામાં પણ તત્ત્વજ્ઞાન પ્રવર્તે છે. આ દષ્ટિએ મનુષ્યનું બંધારણ, એનો આ પરિદૃશ્યમાન વિશ્વ સાથે સંબંધ, એની સ્વાભાવિક પ્રવૃત્તિ નિવૃત્તિની ભાવનાઓ–ઈત્યાદિ સર્વે વિચાર તત્ત્વજ્ઞાનના પેટામાં પડે છે."**

**-આચાર્ય શ્રી આનંદશંકર ધ્રુવ**

## ⇨ તત્ત્વજ્ઞાનનું સ્વરૂપ : તત્ત્વજ્ઞાન પરા-મીમાંસા છે.

અંગ્રેજી શબ્દ 'ફિલોસોફી'ને અનુરૂપ મૂળ ગ્રીક શબ્દનો સામાન્ય અર્થ વ્યક્તિ પોતાની બુદ્ધિ અને જિજ્ઞાસાથી કંઈક શોધે કે જાણે તેવો થાય છે. આમ 'ફિલોસોફી' શબ્દનો અર્થ ખૂબ વિશાળ હતો. સમય જતાં તેનો વિશિષ્ટ અને મર્યાદિત અર્થ પ્રાપ્ત થતો ગયો છે. પ્લેટોએ સમીક્ષાત્મક વિચારણાને જ ફિલસૂફી કે તત્ત્વજ્ઞાનનું હાર્દ ગણ્યું છે.

## ⇨ તત્ત્વજ્ઞાન-દ્વિતીય હરોળનું સંશોધન :

સમકાલીન ઈંગ્લીશ ફિલસૂફમાં એક જૂથમાં એવું મંતવ્ય પ્રવર્તે છે કે તત્ત્વજ્ઞાન પ્રથમ હરોળ (First Order) નું વિજ્ઞાન જ નથી પણ દ્વિતીય હરોળ (Second Order) નું સશોધન છે. એટલે કે સમાજ વિશે, માનવી વિશે, ભાષા વિશે, જગત વિશે, એ કોઈ નવી માહિતી આપતું નથી પણ માહિતી આપવાની રીતોની સમીક્ષાત્મક વિચારણા કરે છે. તત્ત્વજ્ઞાન એક "Meta-Inquiry" એટલે કે પરા-સંશોધન છે તે જ્ઞાનની, સત્યની, મૂલ્યની, પદાર્થની સમાજની કે જગતની સંકલ્પના (Concept) (વિભાવના) ની સમીક્ષા કરે છે. જો કે સમીક્ષાત્મક વિચારણા તો વિજ્ઞાનમાં પણ થાય છે એટલે તત્ત્વજ્ઞાનમાં સમીક્ષાત્મક વિચારણાની પણ સમીક્ષાત્મક વિચારણા થાય છે.

આ અભિગમ, પાસમોરની દષ્ટિએ, ફિલસૂફીના ક્ષેત્રને વિસ્તારે છે, કારણ કે ફિલસૂફીના ક્ષેત્રને કોઈ વિષયમાં એ સીમિત કરી દેતો નથી. ફિલસૂફ કલાકાર ન હોય તો પણ કલા મીમાંસા કરી શકે. એ સમાજશાસ્ત્રી ન હોય તો પણ સમાજશાસ્ત્રની સંશોધન રીતિઓ પાછળ આયોજિત એવા તર્કશાસ્ત્રનું સ્વરૂપ ચર્ચી શકે. પાસમોરની દષ્ટિએ વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાન સમકક્ષ સમાંતર વિજ્ઞાનો નથી. એટલે કે તત્ત્વજ્ઞાન એક જુદા વિષયનું જ્ઞાન આપતું વિજ્ઞાન નથી. ભૌતિકશાસ્ત્ર ભૌતિક ઘટનાઓનું જ્ઞાન આપે છે અને સમાજશાસ્ત્ર સામાજિક ઘટનાઓનું જ્ઞાન આપે છે માટે બંને વિજ્ઞાન છે પરંતુ તત્ત્વજ્ઞાન વિશે આ રીતે વિચારી શકાય નહીં. હકીકતમાં તત્ત્વજ્ઞાન પરા-સંશોધન હોવાથી તેની પાસે કોઈ અમુક વિષયનું જ્ઞાન આપવાનો પ્રશ્ન જ રહેતો નથી. "પરા", શબ્દનો અર્થ અહીં

https://www.gapbhasha.org/

'ઉચ્ચ કોટિનું' એવો પણ નથી. 'પરા'નો અર્થ અહીં શ્રેણીલક્ષી છે. અર્થાત્ જે કોઈ વિજ્ઞાનમાં જ્ઞાન આપવામાં આવે છે તેના જ્ઞાનના દાવાઓ, રીતો, પ્રમાણો, પરિભાષા વગેરેની સમીક્ષાત્મક ચર્ચા એ જ તત્ત્વજ્ઞાન.

ફિલસૂફી પરા-મીમાંસા છે એ અભિગમ કદાચ મર્યાદિત હોવા છતાં વિજ્ઞાનોનાં તત્ત્વજ્ઞાનની ચર્ચા માટે તે પર્યાપ્ત છે. ફિલસૂફી વિજ્ઞાનો કરતાં વધુ ચઢિયાતું, વધુ નિશ્ચિત અને વધુ ઉચ્ચ કોટિનું જ્ઞાન આપે છે તેવો દાવો આગળ કરીને વિજ્ઞાનોની તત્ત્વચર્ચા કરવાનો કોઈ અર્થ નથી, એમ અત્રે જણાય છે. ફિલસૂફી દ્વારા વિજ્ઞાનમાં આયોજિત એવા તર્કશાસ્ત્રનું સ્પષ્ટીકરણ થાય તેટલું જ જરૂરી છે.

## ⇨ પરા-મીમાંસાની રીતો

પરા-મીમાંસા પણ કેવી રીતે કરવી એ અંગે ફિલસૂફીમાં ઠીક ઠીક મતભેદ પ્રવર્તે છે. કલાક્ષત્રે, સમાજક્ષેત્રે કે વિજ્ઞાનના ક્ષેત્રે પ્રયોજાતી તાર્કિક રીતિઓ અને પરિભાષાઓનો અભ્યાસ ફિલસૂફે કઈ રીતે કરવો? એક મત એવો છે કે ફિલસૂફે આ જુદાં જુદાં ક્ષેત્રે પ્રયોજાતી ચર્ચાઓની મીમાંસા કરવા માટે માત્ર તેનું વર્ણન જ કરવું જોઈએ. કેટલાક ફિલસૂફોની દૃષ્ટિએ તો સમાજશાસ્ત્ર કે ઈતિહાસમાં સ્પષ્ટીકરણનું સ્વરૂપ કેવું છે એટલું જ નહીં પણ કેવું હોવું જોઈએ તે અંગે પણ સૂચનો કરવાનું ઉચિત ગણ્યું છે.

તત્ત્વજ્ઞાન દ્વિતીય હરોળનો સમીક્ષાત્મક અને સંકલ્પનાત્મક અભ્યાસ છે. એટલે વિજ્ઞાનો દ્વારા જે પ્રકારના જ્ઞાનના દાવા થાય છે તે દાવાઓ ઉપરથી વૈજ્ઞાનિક જ્ઞાનના સ્વરૂપ અને તેની મર્યાદાઓ સ્પષ્ટ કરવામાં વિજ્ઞાનોનાં તત્ત્વજ્ઞાનનું સંપ્રદાન રહેલું છે.

## ⇨ કાર્લ પોપરની ઈતિહાસવાદની સમીક્ષા

કાર્લ પોપર ઈતિહાસવાદને સમાજ વિજ્ઞાનોના એક એવા વલણ તરીકે ગણે છે કે જે ઐતિહાસિક આગાહીઓને (પૂર્વકથનોને) પોતાના મુખ્ય ઉદ્દેશ્ય તરીકે સ્વીકારે છે અને એમ માને છે કે આવા ઉદ્દેશ્યો, ઈતિહાસના વિકાસ પાછળ રહેલી લયબદ્ધતા, 'તરેહ', 'નિયમો', કે વલણો (trands) વ. ને શોધવાથી સિદ્ધ થઈ શકે છે. અર્થશાસ્ત્રના સિદ્ધાંતો બાદ કરતા બાકીના તમામ સૈદ્ધાંતિક સમાજલક્ષી વિજ્ઞાનોની અસંતોષકારક પરિસ્થિતિ માટે કાર્લ પોપર આવા પ્રકારની ઈતિહાસવાદી પધ્ધતિઓને જવાબદાર ગણે છે.

કાર્લ પોપર ઈતિહાસવાદને પ્રાચીન સમયમાં પ્રવર્તમાન વહેમથી જરાય વિસેષ નથી ગણતા, કે જેમાં માનનારા લોકો તેને નવીન, વિકાસશીલ, ક્રાંતિકારી અને વૈજ્ઞાનિક ગણતા હતા. ઈતિહાસવાદનું પ્રતિપાદન એ છે કે સમાજલક્ષી વિજ્ઞાનોનું મુખ્ય કાર્ય ઐતિહાસિક આગાહીઓ કરવાનું છે અને આવી આગાહી રાજનીતિશાસ્ત્રને બૌધિક રીતે સમજવા જરૂરી પણ છે. કાર્લ પોપર ઈતિહાસવાદના આ પ્રતિપાદનને સ્વીકારતા નથી અને તેની ખુબ જ કડક ટીકા કરવા માંગે છે.

કાર્લ પોપર પોતાના પુસ્તક "The Poverty of Historicism" ની પ્રસ્તાવનામાં ઈતિહાસવાદ અને ઈતિહાસવાદી વલણનું ખંડન કરે છે, અને જણાવે છે કે ભવિષ્યની ઘટનાઓ તથા તે તરફના આપણા પ્રતિભાવોની આગાહી અશક્ય છે. તેઓની દલીલ એ છે કે સામાજીક અને રાજકીય વિકાસ મુખ્યત્વે વૈજ્ઞાનિક વિકાસ પર આધારિત હોય છે. આમ માનવ ઈતિહાસ પર અસર કરનારું એક મહત્ત્વનું પરિબળ એ જ્ઞાનનો વિકાસ છે, પણ, કાર્લ પોપર કહે છે કે, આપણે તર્કાશ્રિત કે વૈજ્ઞાનિક પધ્ધતિથી વૈજ્ઞાનિક જ્ઞાનના વિકાસની આગાહી કરી શકીએ નહીં, (We cannot predict, by rational or scientific methods, the future growth of old scientific knowledge"), અને તેથી જ ભવિષ્યના ઈતિહાસની ગતિવિધિની આગાહી પણ


https://www.gapbhasha.org/

આપણે કરી શકીએ નહીં. આમ જે રીતે પદાર્થ વિજ્ઞાન કે ખગોળવિજ્ઞાન ગ્રહણની આગાહી કરે છે તે રીતે ઇતિહાસ કે સમાજ વિજ્ઞાનો આગાહી કરી શકે નહીં.


કાર્લ પોપર ઇતિહાસવાદ અને ઇતિહાસવાદી વલણનો વિરોધ કરે છે અને તેઓ એ બતાવવા માંગે છે કે આ પ્રકારનું વલણ ગંભીર રીતે ગેરરસ્તે દોરનારું છે અને તેની પાછળ કોઈ પણ પ્રકારની તાર્કિક કે બૌદ્ધિક પદ્ધતિનું પીઠબળ નથી. ઇતિહાસવાદી વલણ અપનાવનારાઓના ઉદાહરણ રૂપે પ્લેટો, હેગલ, અને માર્કસના ચિંતનની સમીક્ષા કરે છે.

## ⇨ સમાજવિજ્ઞાનના બદલાતા વિચાર વિશ્વો

સત્તરમી સદીમાં વૈજ્ઞાનિક પદ્ધતિ એ જ્ઞાનનું પ્રમાણભૂત રૂપ હતું. જેને પ્રાકૃતિક વિજ્ઞાનની પદ્ધતિ તરીકે સ્વીકારવામાં આવતું. એટલું જ નહીં તે દ્વારા સત્યનું પ્રસ્થાપન કરવાની ક્ષમતા પ્રાપ્ત થાય છે એવું પણ મનાતું. માનવબુદ્ધિ પોતાની ક્ષમતાથી સત્ય શોધી શકે છે અને આ સત્યશોધન એ આંતરરાષ્ટ્રીય પ્રવૃત્તિ છે. જેના દ્વારા માનવ જરૂરિયાતો સંતોષાય છે. માનવની પ્રગતિ થાય છે. માનવજાતની પ્રગતિ થાય છે. જે Scientific Circuit of Knowledge છે- સરકીટનો અર્થ અહીં સંકલ્પનાઓની પરસ્પરાવલિંબિતા છે. જેને આપણે પૂર્વે પ્રાપ્ત થતી જ્ઞાનની ધર્મ આધારિત પરસ્પરાવલંબી જ્ઞાન વ્યવસ્થાથી અલગ જોઈ શકીએ છીએ. જે નીચેની આકૃતિઓ દ્વારા દર્શાવી શકાય.




The Theological Circuit of Knowledge




The Scientific Circuit of Knowledge

માનવ મન નીરિક્ષણક્ષમ અનુભવોની સંરચના અને અર્થઘટનમાં ઘણી પ્રાણવાન ભૂમિકા ભજવે છે. અર્થાત્ અનુભવોને માનસિક સંરચનાથી અલગ તારવવા અશક્ય છે. સાચી હકીકતતો એ છે કે સમાજવિજ્ઞાનોનો જગત સાથેનો સાચો સંબંધ સંકલ્પનાઓ અને સંરચનાઓ દ્વારા પ્રાપ્ત થાય છે. અર્થાત્ કે નીરિક્ષણ સિદ્ધાંતમુક્ત નથી. સમાજવિજ્ઞાનોમાં હકીકત અને મૂલ્યને સ્પષ્ટપણે અલગ તારવી શકાતા નથી. સમાજવિજ્ઞાનોમાં વૈજ્ઞાનિક સમજૂતીઓ અને અર્થઘટનલક્ષી સમજણની ભૂમિકા વચ્ચે સંબંધ છે. આથી જ સમાજવિજ્ઞાનોમાં કલ્પનાશીલ ચિંતનની સક્રીય ભૂમિકા છે. જેને આપણે વિચારાશ્રિત સામાજિક સમજણ કે વિચારવાદી સામાજિક સમજણ તરીકે પણ ઓળખી શકીએ. જેમાં અનુકાન્ટવાદી, બૌદ્ધિક પસદંગી સિદ્ધાંત, પ્રતિભાસમીમાંસા અને અર્થઘટનશાસ્ત્રનો સમાવેશ થાય છે.

https://www.gapbhasha.org/




સમાજવિજ્ઞાનોમાં પુનર્વિચારણા અનિવાર્ય બની છે. સામાજિક અસ્તિત્વ સાંસ્કૃતિક રીતે મહત્ત્વનું છે, જટીલ છે, તેની સંરચના જટીલ છે અને ભાષા, વાર્તાલાપો અને સંસ્કૃતિ અર્થના ઉત્પાદનનું સાધન છે.




સમાજવિજ્ઞાનોમાં ભાષા, વાર્તાલાપો અને સંસ્કૃતિની ભૂમિકાને અવગણી શકાય તેમ નથી. પ્રત્યેક સમાજવિજ્ઞાન સંસ્કૃતિની નીપજ છે. તેની બધી જ દરમ્યાનગીરીમાં મૂલ્યો સંકળાયેલા છે. જેને આપણે નિશ્ચિત કરવાં જોઈએ. ભાષા, વાર્તાલાપો અને સંસ્કૃતિની ભાષામાં સ્થિત છે. ભાષા યા વાર્તાલાપોથી પર કશું પણ હોઈ શકે? કૃતિ સર્વસમાવેશક છે? આ વિચાર કે આ વ્યવસ્થાને દૂર કરવા માટે આનાથી પર શું છે? ભાષા કે વાર્તાલાપોથી પર શું છે? તેની ઓળખ જરૂરી છે. આ પ્રશ્નોનો એક જ જવાબ છે કે સમાજવિજ્ઞાનોએ ઉત્સાહપૂર્વકની સ્વીકારેલી વિજ્ઞાનાશ્રિત પરસ્પરાવલંબી જ્ઞાન વ્યવસ્થા સમાજવિજ્ઞાનો માટે અપૂરતી છે. આથી જ્ઞાનની નવી સરકીટ અત્યન્ત જરૂરી બને છે. કારણ કે અનુવિદ્યાકીય સમાજવિજ્ઞાનોમાં સામાજિક વિષયોની આપણી સંરચના લવચિક છે એવું સ્વીકારવું ફરજીયાત છે. આ માટે આપણે નીચેની વસ્તુઓનો સ્વીકાર કરવો જોઈએ.

(૧) સામાજિક અસ્તિત્વ જટીલ છે.

(૨) આપણી આસપાસના જગતની અર્થપૂર્ણ અભિવ્યક્તિ માટેની રીતો શોધવી પડશે.

(૩) અર્થઘટનના વૈવિધ્ય માટે આપણે ખુલ્લા રહેવું પડશે.


(૪) આપણે જેને શ્રધ્ધેય માન્યું છે તે વસ્તુઓ સાર્વત્રિક નથી.

https://www.gapbhasha.org/

(૫) આપણે વાસ્તવિકતા, કલ્પનાશીલતા, સ્થિતિગતતા, રજૂઆત અને માળખાઓની જટીલતાઓને સંબોધવી પડશે.

(૬) સમાજવિજ્ઞાનો વૈજ્ઞાનિકતાનો દાવો ત્યારે જ કરી શકશે જ્યારે કાર્યકારણ, જ્ઞાન અને સત્તાના સંબંધો, અનુભવની વ્યાખ્યા, જ્ઞાન અને મૂલ્યો વચ્ચેના સંબંધો અને તે અંગેન અભિગમો સ્પષ્ટ કરી શકીશું.

આ બધા દ્વારા અત્યારે પ્રાપ્ત થતી જ્ઞાનની જે નવી પરસ્પરાવલંબી વ્યવસ્થાની રચના થાય છે તે નીચે પ્રમાણે છે.




## સંદર્ભ :


- મધુસૂદન વી. બક્ષી (૧૯૭૯) સમાજલક્ષી વિજ્ઞાનોનું તત્ત્વજ્ઞાન, અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.
- હેમંત શાહ (સંપાદક) (૧૯૯૫) કાર્લ પોપર, અમદાવાદ.
- ચન્દ્રકાન્ત ટોપીવાળા, (૨૦૦૦) સાહિત્યના ઇતિહાસની અભિધારણા, અમદાવાદ : પાર્શ્વ પબ્લિકેશન.
- Mark J. Smith. (1998) Social Science in Question, London : SAGE Publication Ltd., In Association with the Open University, F. Ed.
- દિલીપ ચારણ (૨૦૧૦), આચાર્ય શ્રી આનંદશંકર ધ્રુવ : દર્શન અને ચિંતન, અમદાવાદ : એલ.ડી. ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ડોલોજી.


https://www.gapbhasha.org/